GJGS020030742021

## –:: રે. દિ. મુ. નં. ૧૬૩/૨૦૨૧ ના કામે આંક–૦૫ લગત હુકમ ::–

(૧) આ કામના વાદીએ આ કામના પ્રતિવાદીઓ વિરૂધ્ધ સી.પી.સી. કલમ–૯ તથા સ્પેસીફીક રીલીફ એકટની કલમ–૩૪,૩૬,૩૯,૪૦ મુજબ વિજ્ઞાપન તથા કાયમી આજ્ઞાત્મક પ્રતિબંધક મનાઈ હુકમ મળવા હાલનો આ દાવો કરેલ છે અને હાલના દાવા સાથે આ કામના વાદીએ આંક–૦૫ થી સી.પી.સી. ઓર્ડર–૩૯ રૂલ (૧), (૨) તથા કલમ–૧૫૧ મુજબ વચગાળાના કામચલાઉ મનાઈ હુકમની અરજી કરેલ છે. જેની ટૂંકમાં હકીકત એવી છે કે, વાદીઓએ પ્રતિવાદીઓ વિરૂધ્ધ દાવો દાખલ કરેલ છે, જે દાવો ગતિમાં છે, આ કામમાં દાવા અરજીની તમામ વિગતો હાલનની અરજીમાં પુનરાવર્તન ન થાય તેવા શુભ આશયથી દાવા અરજીની તમામ વિગતોની હાલની અરજીમાં ઉલ્લેખ કરેલ નથી, પરંતુ વાદીની આ અરજીના નિકાલ અર્થે દાવા અરજીની વિગતો ઉપર આધાર રાખતા હોય જેથી દાવા અરજીની તમામ વિગતોને આ અરજીનો એક ભાગ ગણવા અરજ છે. આ અરજી સાથે દસ્તાવેજી પુરાવા યાદી સાથેના દસ્તાવેજો તેમજ વાદીઓનું સોગંદનામું રજૂ છે. વાદી નો મનાઈહુકમ માટે પ્રાથમિક અને મજબુત અને સારો કેસ છે. બેલેનસ ઓફ કન્વીન્યન્સ પણ વાદીની તરફેણમાં છે. આ કામમાં વાદીને પ્રતિવાદી વિરૂધ્ધ મનાઈ હુકમ ન આપવા માં આવે તો તેઓને નાણાંમાં ન વાળી શકાય તેવું નુકશાન જાય તેમ છે અને વાદીની માગણીવાળી જમીન ઘણા સમયથી આવેલ છે. આ કામના પ્રતિવાદી નં. ૧ થી ૩ ની ઓફિસના માણસો વાદી પાસે તા. ૧૮/૧૦/૨૦૨૧ ના અરસામાં આવેલ હતા અને કહેલ કે આ જમીન તમો ખાલી કરી નાખશો તમને આ જમીન આપવાની નથી અને બીજી વ્યકિત ને આ જમીન આપવાની છે. વાદીની સદરહુ જગ્યા ઉપર ઘણા સમયથી માગણી હોય

અને આ કામના પ્રતિવાદીઓએ વાદી સિવાય અન્ય પ્રતિવાદી નં. ૪, ૫ ને આ સીટી સરવે નં. ૬૬૫/૧ માંથી જમીન આપેલ હોય અને વ્હાલાદવલાની નીતિ અપનાવી અન્ય કોઈ ત્રાહેતને આપવા માગે છે. આ કામના પ્રતિવાદી નં. ૧ થી ૩ દ્વારા વાદી પ્રત્યે સરમુખત્યાર શાહી જેવું વલણ અપનાવી વાદીને બળપૂર્વક અને સતાના જોરે કબજા વિહીન કરવા માગે છે અને પ્રતિવાદીઓ સદરહુ જમીન અંગે અન્યની માગણી ન હોવા છતાં અન્યને સોંપી આપે તો વાદીઓને ઘણું જ નુકશાન થાય તેમ છે. વાદી સદરહુ જમીન મેળવવા માગે છે અને વાદીની માગણી હોવા છતાં અન્યને સોંપી આપે તો વાદીના હકકોને પારાવાર નુકશાન થાય તેમ છે અને જેથી વાદીના અધિકારો ઉપર સીધી તરાપ પડે તેમ છે અને પ્રતિવાદી સદરહુ જમીન અન્યની માગણી ન હોવા છતાં અન્યને સોંપી આપે તો વાદીઓને ઘણું જ નુકશાન થાય તેમ છે. જે તદન ગેરકાયદેસરનું કૃત્ય છે, જે અટકાવવું ખુબ જ જરૂરી અને અનિવાર્ય છે. જો વાદીને મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીને અનેક દાવાદુવી માં ઉતરવું પડે તેવી સ્થિતિ ઉત્પન્ન થાય તેમ છે અને પ્રતિવાદી જો તેમના ગેરકાનુની કૃત્યમાં સફળ થાય તો વાદીઓનો થતો હકક, હિસ્સો ડુબી જાય અને જેથી તેઓના બંધારણીય અધિકારો ઉપર સીધી તરાપ પડે તેવી સ્થિતિનું નિર્માણ થાય તેમ છે અને વાદીને ઘણું જ નુકશાન થાય તેમ છે, જયારે મનાઈ હુકમ આપવાથી પ્રતિવાદીને કોઈ પ્રકારની હાનિ કે નુકશાન થાય તેમ નથી. સમગ્ર રીતે જોઈએ તો મનાઈ હુકમ માટેનો વાદીનો પ્રથમદર્શનીય અને મજબૂત કેસ છે જેથી મનાઈ હુકમ આપવો જરૂરી અને અનિવાર્ય છે તેમ જણાવી આ અરજીના કામે એવી દાદ માગેલ છે કે, આ કામના પ્રતિવાદી દાવા અરજી પારા–૩ માં જણાવેલ વાદીના કબજા વાળી પ્રભાસ પાટણ બ્લોક નં. ''ઈ'' સીટી સરવે નં. ૬૬૫/૧ પૈકી રહેણાંક હેતુ માટે કરેલ માગણી વાળી જમીન તેમાં પ્રતિવાદી જાતે કે તેમના નોકર, ચાકર મજુરો કે તેમના કોઈપણ પ્રતિનિધીઓ કે એજન્ટો, કુલ–મુખત્યાર કે તેમના વતી કે થકી કામ કરતા આસામીઓ વાદીના કબજા ભોગવટાવાળી માગણીવાળી જમીનમાં પ્રવેશ કરી કોઈપણ રીતે ખાલી કરવા માટે કે કબજો છીનવી લેવા માટે કોઈપણ પ્રકારનું વાંધાવાળું કૃત્ય કે કોઈપણ પ્રકારનો અવરોધ કરે નહીં કે કરાવે નહીં તેમજ અન્ય કોઈ ત્રાહેત વ્યકિતને આપે કે અપાવે નહીં તેવો દાવો ચાલતા સુધી વચગાળા

નો મનાઈહુકમ પ્રતિવાદી વિરૂધ્ધ ફરમાવવા નમ્ર અરજ છે. તેમજ આ અરજીને અનુલક્ષીને આપ નામદાર કોર્ટને યોગ્ય લાગે તે તમામ પ્રકારની દાદ અપાવવા નમ્ર અરજ છે. તેમજ આ અરજીનો તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવવા ન્યાયના હિતમાં હુકમ ફરમાવવા નમ્ર અરજ છે.

(૨) આ કામે પ્રતિવાદીઓને નોટીસ કરવામાં આવતા પ્રતિવાદીઓને નોટીસ બજી જતાં પ્રતિવાદી નં. ૧ થી ૩ તરફે વિ.એ.જી.પી.શ્રી કે. પી. પંડયા હાજર થયેલ છે, જયારે પ્રતિવાદી નં. ૪/૧ તથા પ્રતિવાદી નં. ૫ જાતે કે તેમના તરફે કોઈ હાજર થયેલ ન હોય તેઓની સામે હાલનો દાવો એકતરફી ચલાવવાનો હુકમ થયેલ છે.

(૩) આ કામે વાદી તરફે આંક–૩૩ થી હાલની અરજીની લેખિત દલીલ રજૂ કરવામાં આવેલ છે. જે વંચાણે લીધી. તેમજ પ્રતિવાદી નં. ૧ થી ૩ તરફે વિ.એ.જી.પી.શ્રી ને સાંભળ્યા. તેઓની રજૂઆત છે કે, આ કામના વાદીએ જિલ્લા કલેકટર સાહેબ સમક્ષ દાવાવાળી મિલકતની માગણી કરેલી હતી, પરંતુ તે માગણી સક્ષમ ઓથોરીટી ધ્વારા નામંજૂર કરવામાં આવેલી છે, ત્યારે વાદીને દાવાવાળી મિલકતમાં કોઈ હકક, અધિકાર ઉત્પન્ન થતો ન હોય તેવા સંજોગમાં વાદીનો કોઈ પ્રથમદર્શનીય કેસ નથી કે સગવડતા–અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં નથી કે મનાઈ હુકમ ન આપવાથી વાદીને નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન જતું નથી ત્યારે વાદીની હાલની અરજી નામંજૂર કરવા રજૂઆત કરેલ છે.

(૪) હાલની અરજીનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દાઓ ::–**

(૧) શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે?

(૨) શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીનાં લાભમાં છે?

(૩) જો મનાઈ હુકમ આપવામાં ના આવે તો વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થવાનો સંભવ છે?

(૪) શું હુકમ?

**(૫)** ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) નકારમાં,

(૩) નકારમાં,

(૪) આખરીહુકમ મુજબ.

**(૬)** ઉપરોકત નિર્ણયોના મારા કારણો નીચે મુજબ છે.

**<u>-: કા ર ણો :-</u>**

**<u>મુદ્દા નં. ૧ થી ૩ :-</u>**

**(૬.૧)** સદર અરજીનાં કામે ઉપરોકત તમામ મુદ્દાઓ એકબીજા સાથે સીધી રીતે સંકળાયેલા હોય સરળતા ખાતર તે તમામ મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

**(૬.૨)** એ સર્વવિદીત બાબત છે કે સી.પી.સી. ઓર્ડર-૩૯, રૂલ-૧, ૨ ની વચગાળાની મનાઈ અરજીનાં નિર્ણય માટે નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો મુજબ મનાઈ હુકમ જેવી ઈકવીટેબલ દાદ મંજુર કરવાની હોય ત્યારે કોર્ટે મુખ્યત્વે ત્રણ પાસાઓ ધ્યાનમાં લેવા જરૂરી છે જેમાં (૧) પ્રાઈમાફેસી કેસ, (૨) બેલેન્સ

ઓફ કન્વીનીયન્સ અને (૩) ઈરરીપેરેબલ લોસ, આ મુખ્ય ત્રણ બાબત અદાલતે લક્ષમાં લેવાની છે,કારણ કે માંગવામાં આવેલી દાદ એ ઈકવીટેબલ એટલે કે સમન્યાયની દાદ છે.

**(૬.૩)** મનાઈ અરજીની દાદ એ ઈકવીટેબલ દાદ છે, અને આવી સમન્યાયની દાદ તેને જ મળી શકે જે સમન્યાયનું આચરણ કરે. ઉપરાંત જે સમન્યાયની દાદ મેળવવા આવતા હોય તેણે ચોખ્ખા હાથે આવવું જોઈએ તથા કોઈ હકિકતો છુપાવવી જોઈએ નહિં, તેવો પણ સિધ્ધાંત છે. અને કોર્ટ આવી મનાઈ અરજીનો નિર્ણય કરતી વખતે પક્ષકારોનું આચરણ પણ ધ્યાને લેતી હોય છે. જો કોઈ વ્યકિત સમન્યાયની દાદ લેવા આવે અને કોઈ મહત્વની હકિકત છુપાવે તો તેવા સંજોગોમાં કોર્ટ મનાઈ હુકમ જેવી દાદ આપે નહિં.

**(૬.૪)** ઉપરોકત રીતે સમન્યાયનું આચરણ કરીને આવેલો વ્યકિત જયારે પ્રથમ દર્શનીયરીતે પોતાની હકીકત બતાવે અને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તથા ઈરરીપેરેબલ લોસ તેને થઈ રહયો છે તેવુ બતાવે ત્યારે મનાઈ હુકમ જેવી દાદ મેળવવા હકકદાર બને.

**(૬.૫)** અહિં હાથ પરનાં કેસમાં પોતાનો પ્રથમદર્શનીય કેસ બતાવવા માટે વાદીએ મુખ્યત્વે આંક–૦૩ નાં લીસ્ટથી દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ રજુ કરેલું છે. જે દસ્તાવેજી પુરાવા લીસ્ટમાં માર્ક–૩/૭ થી દાવાવાળી બ્લોક નં. ઈ સીટી સરવે નંબર ૬૬૫/પૈકી ૧ વાળી જમીન જિલ્લા કલેકટરશ્રી, જૂનાગઢને હાલના વાદીએ સરકારશ્રીના નિયમોનુસાર રહેણાંકના હેતુ માટે ફાળવી આપવા અરજી કરેલી જે અરજી રજૂ કરેલ છે. સદર દાવાવાળી જમીન આ કામના પ્રતિવાદી નં. ૧ થી ૩ ના ઓફિસના માણસો જમીન ખાલી કરવા અને જમીન આપવાની નથી, બીજી વ્યકિતને આપવાની છે તેવું કહેલ જે હકીકતના આધારે આ કામના વાદીએ હાલનો દાવો કરેલ છે અને હાલની અરજી દાવો ચાલતા દરમ્યાન આ કામના પ્રતિવાદીઓ દાવાવાળી જમીનનો કબજો વાદી પાસેથી લે નહીં તેવો વચગાળાનો મનાઈ હુકમ ફરમાવવા અરજ કરેલ છે. સદર હકીકત તથા રેકર્ડ ધ્યાને લેતાં વાદીના દાવા મુજબ દાવાવાળી મિલકત આ કામના વાદીને પ્રતિવાદી નં. ૧ ધ્વારા ફાળવવામાં આવેલી

હોય તેવી રજૂઆત નથી. સદર વાદીની રજૂઆત મુજબ દાવાવાળી મિલકત વાદીએ માગણી કરેલી છે, પરંતુ આ કામનું રેકર્ડ જોતાં વાદી તરફે રજૂ થયેલ માર્ક–૩/૨૨ વાળો પત્ર જોવામાં આવે તો મામલતદાર–૨, ગીર–સોમનાથ ધ્વારા તા. ૧૭/૦૯/૨૦૨૧ ના રોજ આ કામના વાદીને સદર દાવાવાળી સીટી સરવે નંબર ૬૬૫/પૈકી ૧ વાળી મિલકત ની માગણી બાબતે તેમની અરજી નામંજૂર કરતા વાદીની અરજી દફતરે કરવામાં આવેલ હોવાનું જાણ કરતો પત્ર રજૂ કરેલ છે. સદર પત્ર જોવામાં આવે તો આ કામના વાદી ધ્વારા દાવાના કામે રજૂ કરેલ છે અને તે પત્ર મુજબ વાદીની માગણી નામંજૂર કરવામાં આવેલી છે, ત્યારે દાવાવાળી મિલકત બાબતે વાદીને કોઈ હકક, અધિકાર હોય તેવું જણાય આવતું નથી. આ કામના વાદી દાવાવાળી મિલકતના કબજામાં છે કે નહિ તે અંગે જયાંસુધી પુરાવો લેવામાં ન આવે ત્યાંસુધી વાદી કબજામાં છે કે કેમ? તે નકકી થઈ શકે નહીં. હાલના તબકકે વાદીએ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવો જોતાં દાવાવાળી મિલકતમાં વાદીને કોઈ હકક, હિત, હિસ્સો સમાયેલો હોય તેવું જણાય આવતું નથી. આમ, જયારે વાદી દાવાવાળી મિલકતમાં તેમનો કોઈ હકક, હિત, હિસ્સો કે અધિકાર હોય તેવું પ્રસ્થાપિત કરી શકેલ ન હોય ત્યારે વાદીનો પ્રથમદર્શનીય કેસ હોવાનું જણાય આવતું નથી. તેમજ મુદા નં. ૨ અંગે જોવામાં આવે તો જયારે વાદી પોતાનો કેસ પ્રથમદર્શનીય કેસ હોવાનું સાબિત કરી શકેલ ન હોય ત્યારે સગવડતા–અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે તેવું પણ પ્રસ્થાપિત થતું નથી. તેમજ આ કામે જયાંસુધી નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તેવા નુકશાનની વાત છે ત્યાંસુધી વાદીએ એ હકીકત પ્રસ્થાપિત કરવાની રહે કે, દાવાવાળી મિલકતમાં વાદીને કબજામાંથી દૂર કરવામાં આવશે તો વાદીના હકક, અધિકારને નુકશાન જાય અને આવું નુકશાન નાણાંમાં ભરપાઈ થઈ શકે તેવું ન હોય. સદર કામે ઉપરોકત ચર્ચા કર્યા મુજબ વાદીએ દાવાવાળી મિલકતની માંગણી કરેલ હોય અને તે માંગણી સક્ષમ ઓથોરીટીએ નામંજૂર કરેલ હોય ત્યારે વાદીને દાવાવાળી મિલકતમાં કોઈ હકક, અધિકાર ઉત્પન્ન થતો ન હોવાનું હાલના તબકકે પ્રથમદર્શનીય રીતે જણાય આવે છે ત્યારે વાદીને

મનાઈ હુકમ ન આપવાથી નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન જવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી. આમ જયારે વાદી દાવાવાળી મિલકતમાં હકક, અધિકાર છે તેવું પ્રસ્થાપિત ન કરે ત્યારે વાદીને નાણાંમાં નુકશાન જવાની કોઈ શકયતા રહેતી નથી. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ વાદીએ રજુ કરેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં વાદી દાવાવાળી મિલકત માં હકક, અધિકાર છે તેવુ પ્રથમદર્શનીય રીતે જણાય આવતું નથી ત્યારે વાદીનો પ્રાઈમાફેસી કેસ હોવાનું જણાય આવતું નથી અને સગવડતા–અગવડતા ની સમતુલા પણ વાદીની તરફેણમાં હોવાનું પણ જણાય આવતું નથી. આ ઉપરાંત હાલનાં તબકકે જો વાદીને દાવાવાળી મિલકતમાં આવેલ કબજાને રક્ષણ આપવામાં ન આવે તો વાદીને નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન જતું હોવાનું જણાય આવતું નથી જેથી વાદીને માંગ્યા મુજબનો વચગાળાનો મનાઈ હુકમ આપવો ન્યાયોચિત જણાતું ન હોય, મુદ્દા નં. ૧ થી ૩ નો જવાબ '' **નકારમાં** '' આપુ છુ અને મુદા નં. ૪ પરત્વે ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરૂ છું.

## –:: આખરી હુકમ ::–

વાદીની આંક–૫ ની વચગાળાનો મનાઈ હુકમ મેળવવા માટેની અરજી આથી '' **નામંજૂર** '' કરવાનો હુકમ કરવામાં આવે છે.

ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

હુકમ આજ તા. ૦૧ લી, માહે–સપ્ટેમ્બર, સને–૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : વેરાવળ.
તારીખ : ૦૧/૦૯/૨૦૨૩

(અલારખા અલીભાઈ રૂંઝા)
એડી. સિનિયર સિવિલ જજ,
મુ. વેરાવળ.
(કોડ નં. જીજે૦૧૧૫૦)